# ધાનેરાના જોરાપુરા ગામે બોગસ ડૉક્ટર દ્વારા પત્રકાર પર હુમલો

## પોલીસે ફરિયાદના બદલે માત્ર અરજી સ્વીકારી : પહેલા પોલીસ ઉપર થયેલા આક્ષેપો આજે સાચા ઠર્યા

ધાનેરા તાલુકા જોરાપુરા ગામે એક બોગસ ડોક્ટર ધ્વરા પત્રકાર ઉપર જીવલેણ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે તો બીજી તરફ ધાનેરા પત્રકારો ધ્વરા ધાનેરા પોલીસ મથકમાં રજૂઆત કરતા પોલીસે પણ પત્રકારો સામે રોફ બતાવી જણાવ્યું હતું કે પોલીસને પૂછીને તમે કવરેજ કરવા ગયા હતા અને પોલીસ ફરિયાદ લેવાનો ઈન્કાર કર્યો હતો અને એઆઈઆરમાં બદલે માત્ર અરજી સ્વીકારતા પત્રકાર આલમમાં ભારે નારાજગીનો માહોલ જોવા મળ્યો હતો.

પત્રકાર એ દેશની ચોથી જાગીર ગણવામાં આવે છે અને પત્રકારો ધ્વરા તમામ માહિતીઓ અને ઘટનાને લોકો સુધી પહોંચાડવામાં આવે છે અને લોકોના પ્રશ્નોને વાચા આપવામાં આવે છે અને લોકોને મુંજવતા પ્રશ્નો સરકાર સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે ત્યારે આજે ધાનેરાના એક પત્રકારને લોકો ધ્વરા જણાવેલ કે ધાનેરા તાલુકાના જોરાપુરા ગામે એક ઈશ્વર ચૌધરી નામનો શખ્શ એક ઓરડામાં દવા, ખાટલા, તેમજ ટેબલ ખુરશી રાખી રાખીને બોગસ ડોક્ટર બની લોકોને આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યો છે. ગરીબ અને ભોળી પ્રજા પાસેથી બમણા પૈસા પડાવી લૂંટ ચલાવે છે ત્યારે પત્રકારોની ટિમ જોરાપુરા ગામે ગયા હતા અને બાઈક ઉપરથી નીચે ઉતરે તે પહેલા બોગસ ડોક્ટરે પત્રકાર ઉપર જીવલેણ હુમલો કર્યો અને



જણાવ્યું હતું કે આજે તો ફક્ત માર જ માર્યો છે પરંતુ બીજીવાર જો આવ્યા તો જાનથી મારી નાખીશ. ત્યારે ગામમાં લોકો ભેગા થઈ જતા બોગસ ડોક્ટરે ત્યાંથી ચાલતી પકડી ગમે ત્યાં કઈ ખોટું થતું હોય તે વસ્તુને બહાર લાવી લોકો તેમજ સરકાર સુધી પહોંચાડવાનું કામ કાર્ય પત્રકાર ધ્વરા કરવામાં આવે છે અને આ ડોક્ટર પણ ખોટું કરી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતો હતો તે બાબતની જાગૃત નાગરિકો ધ્વરા જિલ્લા આરોગ્ય ખાતું તેમજ જિલ્લા કલેક્ટર તેમજ ધાનેરા તાલુકા હેલ્થ ઓફિસરને વારંવાર લેખિત રજૂઆત કરવા છતાં કોઈ જ કાર્યવાહી ન થતા લોકોએ મીડિયાનો સહારો લીધો હતો અને મીડિયા ટિમ લોકોના પ્રશ્નને વાચા આપવા માટે જોરાપુરા ગામે કવરેજ કરવા ગઈ હતી અને આ કામ પણ લોકોના હિત માટે મીડિયાકર્મીઓ પોતાનો જીવ જોખમમાં મૂકી અન્ય લોકોના જીવ બચી જાય તે માટે ગયા હતા પરંતુ ત્યાં બોગસ ડોક્ટર ધ્વરા મીડિયા ટિમ હુમલો કરતા, પત્રકારોની ટિમ ધાનેરા પોલીસ મથકમાં પહોંચી હતી પરંતુ ત્યાં પી.આઈ. હાજર ન હોવાથી મીડિયાકર્મીઓ મોડી રાત સુધી પીઆઈની રાહ જોઈ ધાનેરા પોલીસ મથકમાં બેસી રહ્યા હતા અને મોડે મોડે પીઆઈએ આવી ઉલ્ટા ચોર કોટવાલને દાટે તે રીતે રોફ જમાવતા મીડિયાકર્મીઓને જણાવ્યું હતું કે તમે બધા ફ્રોડ છો અને કોને પૂછીને કવરેજ કરવા ગયા હતા તેમ કહી માત્ર અરજી સ્વીકારી હતી અને અરજીની ઝેરોક્સ ઓસીમાં સહી કરવાનો પણ ઈન્કાર કર્યો હતો અને કોઈ જ કાર્યવાહી ન થતા મીડિયાકર્મીઓમાં ભારે નારાજગી માહોલ જોવા મળ્યો હતો ત્યારે આ જોઈ એવું લાગી આવે છે જે પ્રુફ હોવા છતાં પણ પોલીસ મીડિયાકર્મીઓની વાત સાંભળવા તૈયાર નથી તે પોલીસ જનતાની વાત કેવી સાંભળતી હશે તે એક મોટો સવાલ છે. હવે અમે તમને અમે એવી બતાવશું કે ધાનેરા પોલીસ મથકમાં ફરજ બજાવતા પીઆઈ આર. કે. પાઠકની કામગીરી કેવી છે. અગાઉ પણ ગુજરાતના નામાંકિત દૈનિક પેપર આ પીઆઈ આર કે પાઠકની વાસ્તવિકતાના અહેવાલ છાપવામાં આવ્યા હતા અને તે અહેવાલમાં જણાવ્યું હતુ કે પી આઈ આર કે પાઠક પોતાના વહીવટદારને મળ્યા સિવાય ફરિયાદ લેતા નથી તે વાંચી અમને પણ નવાઈ લાગી હતી પરંતુ આજે અમને આ વાત સાચી લાગી કેમ કે અમે પણ તેમના વહીવટદારને મળ્યા વગર ફરિયાદ કરવા ગયા હતા અને અમારી પણ ફરિયાદ ન લીધી ત્યારે હવે મીડિયાકર્મીઓની સાથે સાથે લોકોની પણ માંગ છે કે આ બાબતે તંત્ર જાગે અને તાત્કાલિક કાર્યવાહી કરે.

# હિંમતનગરના ગામડી નજીક ટ્રિપલ અકસ્માતમાં કાર આગમાં બળી ખાખ

હિંમતનગર, તા. ૨૮

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે-૮ પર આવેલા ગાંભોઈ નજીક ફુલજોગણી માંના મંદિર નજીક વિચિત્ર અકસ્માત થતા કાર ભડભડ સળગી ઉઠતા ભારે દેકારો મચી ગયો હતો. કારનું ટાયર ફાટતા રોંગ સાઈડ ટ્રક અને બાઈકને અડફેટે લેતા ટ્રકમાં ભરેલ માલસામાન ઉપરથી પસાર થતા વીજતારને અડકી જતા ટ્રક-કારમાં આગ લાગતા ૨ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતના પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.



મોડાસા સબલપુર કંપા નજીક



આજે વહેલી સવારે ઊંટલારી પાછળ કાર ભટકાતા અકસ્માત સર્જાતા કાર ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી ઊંટલારીમાં ભરેલો માલસામાન વેરવિખેર થયો હતો.

ગાંભોઈ નજીક આવેલા ગામડી ફૂલ જોગણી માંના મંદિર નજીક હિંમતનગર તરફથી આવતી કારનું ટાયર ફાટતા ડિવાઈડર તોડી રોંગ સાઈડ આવતા ટ્રક અને બાઈક ચાલકને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે ટ્રક ચાલકે બ્રેક મારતા રોડ સાઈડથી પસાર થતા વીજતારને અડકી જતા આગ લાગતા કાર ભડભડ સળગી ઉઠી હતી. ટ્રકની કેબિન પણ આગમાં સ્વાહા થઈ હતી. બાઈક ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. કારમાં આગ લાગતા ૨ લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલી ફાયર બ્રિગેડની ટીમે આગ પર કાબુ મેળવતા ટ્રક સ્વાહા થતા બચી હતી. ટ્રાફિક પોલીસે ઘટના સ્થળે ટ્રાફિક પૂર્વરત કરાવ્યો હતો. ગાભોઈ પોલીસે અકસ્માતના સ્થળે ધસી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શામળાજી ખાતે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર બોગસ તબીબ ઝડપાયો

અરવલ્લી જીલ્લામાં આરોગ્ય વિભાગની આંખ નીચે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રજાજનોના સ્વાસ્થ્ય સાથે સરેઆમ ચેડાં કરતા મુન્ના ભાઈ એમ.બી.બી.એસ નો રાફડો ફાટ્યો છે જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા આવા લેભાગુ ઊંટવૈદ્યોનો હપ્તા રાજ ની આડ માં કે પછી અગમ્ય કારણોસર છૂટોદોર આપી દેતા ઠેર ઠેર ગ્રામ્ય વિસ્તારમાં દવાખાનાની હાટડીઓ ખોલી બેસી ગયા છે બિચારી અભણ ભોળી પ્રજાનો મજબુરીનો ફાયદો ઉઠાવતા હોય તેમ કોઈ પણ પ્રકારની બીમારી માં ડ્રિપ ચઢાવી ૫૦૦ થી ૭૦૦ રૂપિયા ખંખેરી પ્રજાજનોના જીવ જોખમ માં નાખી રહ્યા છે ત્યારે જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પ્રજાજનોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર આવા લેભાગુ તત્વો શોધી કાઢી કાયદાનું ભાન કરાવે તે ખુબ જરૂરી બન્યું છે.

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગને જાણે ગ્રહણ લાગ્યું હોય તેમ ૩૧ જેટલા આરોગ્ય કર્મચારીઓએ ભરતી દરમિયાન ખોટા સર્ટીફિકેટ રજૂ કરી ૭ વર્ષથી ફરજ બજાવતા હતા. આ ૩૧ કર્મચારીઓને હાઈકોર્ટના આદેશ મુજબ તાકિદે છુટા કરવામાં આવ્યા હતા. જેની શાહી સુકાઈ નથી ત્યારે શામળાજી ખાતેથી એક બોગસ તબીબ ઝડપાયો હતો. આરોગ્ય વિભાગે તબીબને ઝડપી પોલીસ ફરિયાદની કાર્યવાહી હાથ ધરી હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. આ અંગે મળતી માહિતી અનુસાર અરવલ્લી જિલ્લામાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર



અનેક તબીબો દવાખાના ખોલી ઉંટવૈદુ કરતા હોય છે. ગર્ભ પરિક્ષણમાં પણ સરકારના નિતિ નિયમોને નેવે મુકી ભ્રૂણ હત્યા કરનાર તબીબો ઉપર અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગની જાણે રહેમ નજર હોય તેમ તબીબો બેફામ બન્યા છે. ત્યારે આરોગ્ય વિભાગ પર ઉઠેલા સવાલોને ધ્યાને લઈ અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા શામળાજી ખાતે ગ્રામપંચાયતની બાજુમાં આવેલ દવાખાના પર છાપો માર્યો હતો. તપાસ દરમિયાન ખોટા સર્ટીફિકેટને આધારે ઉંટવૈદુ કરનાર અતુલ જૈનને ઝડપી પાડી શામળાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ આરોગ્ય વિભાગના અધિકારી દ્વારા હાથ ધરાઈ હતી. ઉલ્લેખનીય છે કે તપાસ દરમિયાન અતુલ જૈન પાસે કોઈપણ ડિગ્રી સર્ટીફિકેટ ન હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. જિલ્લામાં હજુ પણ આરોગ્ય વિભાગ દ્વારા અંતરીયાળ વિસ્તારમાં તપાસ થાય તો અનેક ઉંટવૈદ્યોને ઝડપી પડાય તેમ છે.

# તલોદ સ્ટેશન શાળા નં. ૧માં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાશે

તલોદ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં તાલુકા હેલ્થ કચેરી દ્વારા સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત તલોદ સ્ટેશન શાળા નં. ૧માં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત



તાલુકા હેલ્થ કચેરી-તલોદ દ્વારા અણીયોડ, ખેરોલ, પુંસરી, રોઝડ પ્રા. શાળાઓમાં પણ તાલુકાના સદસ્યો તેમજ સરપંચો દ્વારા આ કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સી, સાબરકાંઠા જિલ્લા પંચાયત, હિંમતનગરના સીધા માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ ઓફિસ, તલોદની ટીમો દ્વારા ૧૯૯ આંગણવાડી, ૧૮૮ પ્રાથમિક શાળા, ૩૩ માધ્યમિક શાળા, ૨ આશ્રમ શાળા અને ૧ બહેરામુંગા શાળા એમ કુલ ૪૨૪ સંસ્થાઓમાં શાળાએ જતા અને શાળા ન જતા તમામ ૦ થી ૧૮ વર્ષના કુલ ૪૧૧૩૪ વિદ્યાર્થીઓની તપાસ આરોગ્યની વિવિધ ટીમો મારફતે કરવામાં આવશે.

આ શાળા આરોગ્ય તપાસની ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં અશોકભાઈ શાહ તલોદ નગરપાલિકાના સદસ્ય, શાળાના શિક્ષકો તેમજ રોઝડ પીએચસીના ડૉ. ભાવેશ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

### મોડાસાના માલપુર રોડ પર ધોળે દહાડે

# બે કારના કાચ તોડી એક કારમાંથી ૨.૫ લાખ અને બીજી કારમાંથી ૧ લાખની લૂંટ

## મોડાસા શહેરમાં ચોર, લૂંટારુઓ બેફામ, પોલીસતંત્ર બેલગામ જેવી સ્થિતિ

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવા દ્રશ્યો આમ બન્યા છે. જીલ્લા પોલીસ તંત્ર અને મોડાસા ટાઉન પોલીસની નબળી કામગીરીથી પ્રજાજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ચોર, તસ્કરો, ચેન સ્નેચર, પાકીટમાર અને ઘરફોડિયા ગેંગ બિનદાસ્ત લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. મોડાસા ટાઉન પોલીસ સબ સલામતના સ્વપ્રમાં રાચી રહી છે અને હાથ ઉપર હાથ મૂકીને બેસી રેહતા રાહદારીઓને હાથમાંથી પાકીટ, મોબાઈલ ઝૂંટવી ફરાર થતી અને બાઈક ચોરી ગેંગના ટળખળાટ વચ્ચે મોડાસાના માલપુર રોડ પર આવેલી તાલુકા પંચાયત કચેરી સામે બાલાજી કૉમ્પ્લેક્સ આગળ પાર્ક કરેલી બે જુદી-જુદી કારના કાચ તોડી ૩.૫ લાખ રૂપિયાની રોકડ રકમની લૂંટ ચલાવી ફરાર થઈ જતા ભારે અફડાતફડી ફેલાઈ હતી. વાહનોના કાચ તોડી લૂંટ ચલાવતી ગેંગ સક્રિય થતા શહેરીજનોમાં ભય ફેલાયો છે. બે કારના કાચ તોડી લાખ્ખો રૂપિયાની તફડચીના પગલે મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, બુધવારે વિનાયક ગ્રુપના બંટી પટેલ



અને તેના ભાગીદાર મેહુલની અલગ-અલગ કાર મોડાસાના માલપુર રોડ પર આવેલા બાલાજી કોમ્પ્લેક્ષ નજીક પાર્ક કરી ઓફિસમાં બેઠા હતા ત્યારે હોન્ડા સીટી કારમાંથી કારનો પાછળનો કાચ તોડી ૨.૫ લાખ રૂપિયા ભરેલી બેગની લૂંટ અને દસ્તાવેજની લૂંટ ચલાવી તેમના ભાગીદાર મેહુલભાઈની કારમાંથી એક લાખ ભરેલી બેગ લૂંટી ફરાર થઈ જતા બંને કાર માલિક હોફળા-ફાંફાળા બની ગયા હતા. બે કારમાંથી કાચ તોડી ૩.૫ લાખ રૂપિયાની લૂંટની ઘટના બનતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા. લૂંટની ઘટનાના પગલે મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે ધસી આવી તપાસ હાથ ધરી હતી. બપોરે બનેલી લૂંટની ઘટના સાંજ સુધીના સમય સુધી મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાઈ ન હોવાનું મોડાસા ટાઉન પો.ના પી.એસ.ઓએ જણાવ્યું હતું.

લૂંટ ચલાવનાર લૂંટારુઓ પલ્સર બાઈક પર હેલ્મેટ પહેરી લૂંટ ચલાવી રફુચક્કર થયા હોવાના સીસી ટીવી કેમેરાના વિડિઓ સામે આવ્યા હતા. ત્યારે જોવું રહ્યું કે પોલીસતંત્ર લૂંટારુ ગેંગને પકડવામાં સફળ રહે છે કે નહિ.

# સંતો-મહંતોની ઉપસ્થિતીમાં હિંમતનગરમાં વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા વિરાટ ધર્મસભા યોજાશે

હિંમતનગર

વિશ્વ હિન્દુ પરીષદ સાબરકાંઠા-અરવલ્લી વિભાગ દ્વારા હિંમતનગર શહેરમાં ૨જી ડીસેમ્બર રવિવારે વિરાટ ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના અનુસંધાને આજરોજ વીએચપી ના વિભાગ મંત્રી નલીનભાઈ પટેલે પત્રકારોને માહિતી આપતા જણાવેલ કે, અમારો મુખ્ય ઉદ્દેશ જનજાગરણ અભીયાન છે ૫ ઓક્ટોબરે દિલ્હીમાં ધર્મસંસદમાં સંતો-મહંતોએ પણ રામમંદીર માટે અભીયાન ચલાવવાની વાત કરી છે આ આસ્થાનું પ્રતીક છે રામચંદ્ર ભગવાનનું મંદીર બાબરે તોડ્યુ હતુ અને ખોટી રીતે કબજા મેળવેલ તે પરત લેવા માટે આજસુધી ૧૫૨૮ ની સાલથી ૪૯૦ વર્ષથી ૭૬ યુધ્ધો થયા જેમાં ચાર લાખ લોકોએ પોતાના જીવનની આહુતી આપી છે. દેશમાં ૫૪૦ થી વધુ જગ્યાએ જનજાગરણ અભીયાન ચલાવાશે જેમાં રામનું મહત્વ તેમના આદર્શ વિચારો આજે યુવાનોમાં રામનું મહત્વ આચરણ અને તેમનું જીવન વિશે જાણે તે મુખ્ય ઉદ્દેશ છે અને



તેના દ્વારા રામ મંદીરનું અડચણ દુર થાય રામના વિચારો ઘરે ઘરે પહોંચે જન જાગરણથી મંદીર બનશે. વધુ વિગત આપતા નલીનભાઈ એ જણાવેલ કે, દેશમાં હજારો વર્ષમાં વિશ્વનું સૌથી મોટુ જન આંદોલન જન્મભૂમિ આંદોલન કોઈની કૃપાથી કે આગ્રહથી કે કોઈના આધારથી આરંભ થયેલ નથી અને ચાલ્યુ નથી. પરંતુ પ્રબળ હિન્દુ જાગરણ અને હિન્દુ સમાજની શ્રધ્ધા અને સંતોના આર્શીવાદ અને બળ ઉપર આંદોલન ચાલી રહ્યુ છે. તેથી અમે સૌ હિન્દુ પરીવારને જાહેર આમંત્રણ આપીએ છીએ આવો આ અભિયાનમાં જાડાવો.

ધર્મેન્દ્રભાઈ ભાવાણીએ જણાવેલ કે, રામ મંદીર તો બનશે જ હવે આ આંદોલન જન જન આંદોલન બની રહ્યું છે. સરકારો આવે કે જાય નેતાઓ આવે કે, જાય પરીષદને કોઈ ફેર પડતો નથી અમારૂ કામ હિન્દુ સંસ્કૃતિને ટકાવવાનું છે. ભગવાન રામના મંદીરના નિર્માણને સમસ્ત હિન્દુ પ્રજાએ સ્વીકારી છે કે જલ્દી મંદીર બને, તેની અડચણો દુર કરવાનો આ અભિયાન દ્વારા પ્રયાસ છે. આ પ્રસંગે સાબરકાંઠા વીએચપીના અધ્યક્ષ મનહરભાઈ સુથાર, સંઘના રમેશભાઈ સોરઠીયા પણ હાજર રહ્યા હતા.

# જનજાગૃતિ સેવા સંસ્થાન તથા સહયોગ કૃષ્ટ યજ્ઞ ટ્રસ્ટ દ્વારા ગાંધી વિચાર યાત્રાનો પ્રારંભ

## એક વર્ષમાં અરવલ્લી-સાબરકાંઠાના ૧૦૦ ગામોમાં ભ્રમણ કરશે : ૧૧ ગામડાઓની મુલાકાતથી યાત્રા પ્રારંભ કરાયો

મોડાસા, તા. ૨૮

અરવલ્લી અને સાનારકાંઠા જિલ્લાને આવરી લઈને ગાંધી વિચાર



યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે જેમાં ૧૧ ગામોની મુલાકાત સાથે આ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

જનજાગૃતિ સેવા સંસ્થાન તથા સહયોગ કુષટ યજ્ઞ ટ્રસ્ટ દ્વારા શરૂ કરવામાં આવેલ આ ગાંધી વિચાર યાત્રા બન્ને જિલ્લાઓમાં ૧૦૦ ગામોનો પ્રવાસ-ભ્રમણ એક વર્ષમાં કરવાની નેમ ધરાવે છે. ગાંધીવાદી વિચાર ધરાવતા બે મહાનુભાવોએ આ બીડું ઝડપીને સાંપ્રત સમયમાં ગામડાઓમાં ગાંધી વિચારને જનતા સમક્ષ મુકવા અને જનસમાન્યને મહાવિભૂતિ રાષ્ટ્રપિતાના મૂલ્યવાન વિચારોથી અવગત કરવા સંકલ્પ કરાયો છે.

આ બે ગાંધીવાદી મહાનુભાવો પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ અને સહયોગ કુષટ યજ્ઞ ટ્રસ્ટ દ્વારા અનેક કુષ્ટ્રોગી દર્દીઓને નવજીવન બક્ષવા વર્ષોથી રાજેન્દ્રનગર ખાતે સેવાની ધૂણી ધખાવનાર સુરેશભાઈ સોની દ્વારા હાથ ધરાયેલ.

આ યાત્રા પ્રથમ તબક્કામાં ૧૧ ગામોનો પ્રવાસ કરતા તેને ઉમળકાભેર આવકાર અને ખુબ જ સારો પ્રતિભાવ સાપડતાં હવે બન્ને જિલ્લાઓમાં ૧૦૦ ગામોનો પ્રવાસ ૧ વર્ષમાં પૂર્ણ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

# નેશનલ ટોબેકે કંટ્રોલ પ્રોગ્રામ અને વિશ્વ પુરુષ નસબંધી પખવાડીયા ઉજવણી

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી મનીષ ફેન્સીનાં માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ ઈડર ખાતે એક દિવસીય કાર્યશાળા યોજાઈ. જેમાં ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર નાં પેરામેડીકલ સ્ટાફ ઉપસ્થિત રહેલ.

ડો. મનીષ ફેન્સી એ ઉપસ્થિત સર્વેને વ્યસન મુકતી, મેલેરિયા, ડેન્ગ્યું, બેટી બચાવો, કુટુંબ કલ્યાણ,પોષણ, અંતર્ગત વિવિધ યોજનાઓ અંગે સર્વે ને માહિતગાર કરેલ.

ન્યુટ્રીશન પ્રોગ્રામ આસી. શર્મિષ્ઠા બહેને ન્યુટ્રીશન અને બેટી બચાવો અંતર્ગત વિશેષ જાણકારી આપેલ. ડો. ચાંદની પરમારે ઉપસ્થિત સર્વે આરોગ્ય કર્મીઓને બહેનોમાં સર્વાઈકલ કેન્સર બાબતે જાગૃતિ લાવવા માટે વિશેષ આરોગ્ય શિક્ષણ માટેના મુદ્દાઓ અંગે અગત્યની જાણકારી આપેલ.

ટોબેકો કંટ્રોલ સેલના ડો. અરુણસિંહ ભાટી એ તમાકુ અને તેનાથી થતા વિવિધ રોગો, આર્થિક-સામાજિક નુકશાન ,શાળા આરોગ્ય કાર્યક્રમ બાબતે પાવર પોઈંટ પ્રેઝન્ટેશન દ્વારા વિશેષ જાણકારી આપેલ. આ કાર્યક્રમમાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીએ ગત વર્ષે કુટુંબ કલ્યાણ કાર્યક્રમમાં શ્રેષ્ઠ કામગીરી કરેલ કર્મચારીઓને સન્માનપત્ર આપેલ.

# યુનિક-યુ સ્કૂલના વિદ્યાર્થીઓએ જાપાનના તજજ્ઞોને પ્રભાવિત કર્યા

ઈડર, તા. ૨૮

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર ગ્રામ્ય વિસ્તારના બાળકોને આંતરરાષ્ટ્રીય અનુભવો આપતી વિશીષ્ટ સ્કૂલ છે. તાજેતરમાં હિદેશી ટકાટાની, સાયકા ઓગાવા, હોઝાન યામામોટો દ્વારા સંગીત તથા નાટક દ્વારા અભિવ્યક્તિનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. તાજેતરમાં જાપાનના આંતરરાષ્ટ્રીય સ્તરની ત્રણ તજજ્ઞો શાળામાં પધાર્યા હતા. યુનિક-યુના વિદ્યાર્થીઓએ જાપાની ભાષામાં સ્વાગતગીત તથા તેમનું રાષ્ટ્રગીત આબેહૂબ રીતે રજૂ કરીને તેમને પ્રભાવિત કર્યા હતા. ઈડર આંજણા પાટીદાર હિતવર્ધક મંડળ અને કે.બી. દેસાઈ સ્કૂલવતી પ્રમુખ જીતુભાઈ દેસાઈએ આ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું.

# બનાસ ડેરી દ્વારા દિયોદર તાલુકાની દૂધ ઉત્પાદક મંડળીઓના ચેરમેન-મંત્રીઓ સાથે ચિંતન શિબિર

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં દિયોદર તાલુકાની દૂધ ઉત્પાદક મંડળીઓના ચેરમેન અને મંત્રીઓ સાથે ચિંતન શિબિરનું આયોજન ડુચકવાડા ગામ ખાતે કરવામાં આવ્યું હતુ. દૂધના વ્યવસાયમાં વૈશ્વિક પ્રવાહોથી સૌ માહિતગાર થાય, મંડળીઓના પ્રશ્નો સંઘ મારફતે કઈ રીતે હલ થાય, સંઘ મંડળીઓ પાસેથી શું અપેક્ષા રાખે છે અને બનાસ ડેરી તથા દૂધ સહકારી મંડળીઓ વચ્ચેનો સંપર્ક સેતુ મજબૂત તેવા ઉદ્દેશોને પરિપૂર્ણ કરવા દૂધ મંડળીઓના મંત્રીઓ અને ચેરમેનો સાથે રૂબરૂ ચર્ચા કરી જે-તે પ્રશ્નોનો ઉકેલ કરવાની દિશામાં જરૂરી કાર્યવાહી થાય તેવો પ્રયાસ આ બેઠકના મારફ્તે કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ચેરમેન શંકરભાઈ ચૌધરીએ દૂધ મંડળીના પ્રતિનિધીઓ



સાથે સીધો સંવાદ સાધતા જણાવ્યું હતુ કે બનાસ ડેરી ટૂંક સમયમાં ગાય-ભેંસના છાણમાંથી પણ પશુપાલકોને આવક થાય તે માટેની યોજના બનાવી રહી છે. અલગ અલગ જગ્યાએ સહકારી ધોરણે ગેસ પંપ ઉભા કરાશે, જેના પરીણામે રોજગારીની નવી તકો ઉભી થશે તથા ખેતી માટે કૃત્રિમ ખાતરનો શ્રેષ્ઠ વિકલ્પ એવું જૈવિક ખાતર પણ ઉપલબ્ધ બનશે. હાલના તબક્કે ડીસા, ભીલડી અને ધાનેરા, એમ ત્રણ સ્થાનો પર આ કામગીરી પ્રાયોગિક રીતે શરૂ કરવાની બાબત પર સક્રિય વિચારણા બનાસ ડેરી કરી રહી હોવાનું શંકરભાઈએ જણાવ્યું હતુ. શંકરભાઈએ વધુમાં જણાવ્યું હતુ કે દૂધના વ્યવસાયમાં વૈશ્વિક મંદી હોવા છતાં ગુજરાતની ડેરીઓ દૂધના પોષણક્ષમ ભાવ આપે છે અને તેમાં પણ એશીયાની સૌથી મોટી એવી બનાસ ડેરી અગ્રેસર છે.